66

**ચૂંટણી– તાત્કાલિક**
ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૫૦–૪૨૦૦૯–ક

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૬–૪–૨૦૦૯

વિષય :– સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સભ્યોને ગેરલાયક ઠરાવી સભ્યપદેથી દૂર કરવા અંગેના આદેશોની પંચને જાણ કરવા બાબતે.

પરિપત્ર :–

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ક અને ૨૪૩–વ–ક માંની જોગવાઈઓ મુજબ રાજય ચૂંટણી પંચની રચના કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના પ્રવર્તમાન કાયદા/નિયમો તથા બંધારણના અનુચ્છેદની જોગવાઈઓ મુજબ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીઓનું સંચાલન, દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજય ચૂંટણી પંચમાં નિહિત થયેલ છે.

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ પાંચ વર્ષે કરવા કાયદા/નિયમોમાં જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ રાજય ચૂંટણી પંચ દ્વારા જે તે સંસ્થાઓની મુદત પુરી થાય તે પહેલાં ચૂંટણી યોજવા કાર્યક્રમ જારી કરવામાં આવે છે.

મહાનગરપાલિકાના કાયદાની જોગવાઈ મુજબ ખાલી બેઠક થયેથી ત્રણ માસમાં પેટા ચૂંટણી કરવાની રહે છે જયારે નગરપાલિકાના કાયદાની જોગવાઈ મુજબ ખાલી બેઠક થયેથી છ માસમાં પેટા ચૂંટણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પંચાયતોમાં ખાલી બેઠકની પેટા ચૂંટણી કરવાની અવધિ નકકી કરવામાં આવેલ નથી.

હવે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીને લગતા કાયદા/નિયમો હેઠળ જે તે સંસ્થાઓના સભ્યોને ગેરલાયક ઠેરવવા રાજય સરકારના અધિકૃત અધિકારીઓને સત્તા આપવામાં આવેલ છે. તે મુજબ સંબંધિત સંસ્થાઓના સભ્યોને ગેરલાયક ઠેરવવા, સંબંધિત સત્તા (ઓથોરીટી) દ્વારા ગેરલાયક ઠેરવવાના આદેશો તેઓની કક્ષાએ કરવામાં આવે છે આ આદેશોની જાણ સંબંધિત ઓથોરીટી દ્વારા કેટલીક કચેરીઓને કરવામાં આવે છે. પરંતુ રાજય ચૂંટણી પંચને જાણ કરવામાં આવતી નથી કે તેવી હાલ પ્રથા નથી તેવું પંચના ધ્યાને આવેલ છે એટલે જે તે નગરપાલિકા કે મહાનગરપાલિકાના સભ્યને ગેરલાયક ઠેરવતાં ખાલી પડેલ જગાની જાણ સંબંધિતો તરફથી અત્રે મોડી/વિલંબથી મળવાના કારણે ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી નિયમોથી નકકી થયાના સમય મર્યાદામાં આયોજિત કરવામાં મુશ્કેલી રહે છે એટલે કેટલાક વહીવટી પ્રશ્નો પણ ઉપસ્થિત થવા પામે છે.

જેથી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં, મહાનગરપાલિકા/નગરપાલિકા/ જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતના સભ્યોને જે ઓથોરીટી દ્વારા જે તે સભ્યોને ગેરલાયક ઠેરવવા માટે આદેશો કરવામાં આવે ત્યારે સંબંધિત સત્તા–ઓથોરીટીએ મુખ્ય અધિકારીશ્રી, કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા અન્ય સક્ષમ અધિકારીશ્રીઓ ઉપરાંત અત્રે રાજય ચૂંટણી પંચને પણ જાણ કરવાની રહેશે.

Ken40

P. T. O.

જુદા જુદા ધારા હેઠળ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાંના સભ્યોને ગેરલાયક ઠરાવવા બાબતે શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ તરફથી નિર્દિષ્ટ અધિકારીશ્રીઓ તેમજ અધિકૃત અધિકારીઓને સત્તા સોંપવામાં આવે છે તેવા નિર્દિષ્ટ અધિકારીશ્રીઓ, અધિકૃત અધિકારીશ્રીઓ તથા એપેલેટ ઓથોરીટીને પણ જે તે વિભાગ – કક્ષાએથી જાણ કરી આ અંગે અમલ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

વિશેષમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના કાયદા / નિયમો હેઠળ ગેરલાયક ઠરેલ વ્યક્તિઓની ઉમેદવારી બાબતે રાજય ચૂંટણી પંચના તાજેતરના પરિપત્ર ક્રમાંકઃરાચપ–ચટણ–સ્થા.સ્વ.–૫૦–૩૨૦૦૯–ક તા.૯–૩–૨૦૦૯ થી પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. તે મુજબ પણ સંબંધિતોએ જરૂરી અમલ કરવાનો રહેશે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

(વી. એચ. શાહ)
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

**પ્રતિ,**

– શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
– જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
– જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
– મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે
– નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર.
– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
– તાલુકા વિકાસ અધિકારીશ્રી, સર્વે
– મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.

**નકલ સવિનય રવાના :–**

– અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– વિકાસ કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના :–**

– રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.
– સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.
– રાજય ચૂંટણી પંચના સર્વે અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ, ગાંધીનગર

Ken40